# બાળકના હોમિયોપેથીક ચોક્કસ નિદાન, ચિકિત્સા તથા ઉપચાર થઇ શકેતે માટેની જરૂરી માહિતી તથા વિગતો

## લખાણ ની રજૂઆત માટેની સુચનાઓ

1. યોગ્ય હોમિયોપેથીક ઔષધ શોધવા માટે અનેક પ્રકારની પુષ્કળ વિગતો તથા માહિતી, જેવીકે (1) ફરિયાદ (Complaints) ને વિષે ખાસ કરીને (અ) મુખ્ય ફરિયાદ કે વ્યાધી અને (બ) ગૌણ અથવા અસંબધિત ફરિયાદ વિષે અને (2) દર્દી ના વ્યક્તિત્વ- શારીરિક તેમજ માનસીક બંધારણ વિષે આવશ્યકછે.

2. અપૂરતી માહિતી ઔષધ ની યોગ્ય પસંદગી કરવાનું મુશ્કેલ કરશે માટે તમને ભલામણ કરવામાં આવે છે કે બધી માહિતી તથા વિગતો ગૌણ, અસંબધિત કે ઓછા મહત્વની લાગતી માહિતી પણ વિસ્તાર પૂર્વક આપવી. તમારા બાળકની વ્યાધી/ ફરિયાદ ઉપર વધારે પ્રકાશ પાડવા જે પ્રશ્નો પૂછવામાં આવશે તે તમે કાગળમાં લખી આપેલી નોંધ પર આધારીત રહેશે. આ માટે તમારો સહકાર અત્યંત આવશ્યક છે. ***અલબત, બધીજ મહિતી અત્યંત ખાનગી તથા અંગત રહેશે.***

3. લેખીત માહિતી મળ્યા પછી આ મહિતી ની અત્યંત ઝીણવટ પૂર્વક છાણાવાટ કર્યા બાદ તમને તપાસ અને પૂછપરછ માટે બોલાવવામાં આવશે અને પૂછપરછ લાંબો સમય માંગે છે, કારણકે પુષ્કળ વિગતો અકઠી કરી તેને વ્યવસ્થિત તથા પધ્ધતિસર ગોઠવણ તેમજ ઝીણવટ પૂર્વક છાણાવાટ કરવામાં આવે છે, અને ધણી વખત દર્દી ને બીજી કસોટી (Test) માટે બોલાવવા જરૂરી બને છે. અનુકૂળતા અને સરળતા પ્રમાણે તમારો કેસ રેકોર્ડ (Case- Record) તૈયાર કરાશે. એ તૈયાર થયા પછી તેનો અભ્યાસ કરવામાં આવશે. જો અમને એવી પ્રતિતી થશે કે ઉપચાર શરૂ કરવા માટે હજુ વધારે માહિતી ની આવશ્યક્તા છે તો તમને મુલાકાત માટે બીજો અનુકૂળ સમય (Appointment) આપવામાં આવશે.

4. અમારો વિશ્વાસ છે કે આપના બાળકને શક્ય તેટલો ચોક્કસ અને ઉત્તમ ઉપચાર આપવામાં તમે અમને પુરતો સહકાર આપશો.

## પ્રાથમીક માહિતી

તમારા બાળક વિષે નીચેની વિગતો કાળજી પૂર્વક લખવા વિનંતી છે.

પુરૂ નામ, જન્મ તારીખ, જાતિ (સ્ત્રી/ પુરૂષ), શાળા, ધોરણ, સરનામું,ટેલીફોન નંબર, જ્ઞાતિ, ધર્મ, સંપ્રદાય. શુધ્ધ શાકાહારી/ શાકાહારી પણ ઇંડા લેવામાં બાધ નહિં,/ માંસાહારી. બાળક ની આદતો જેવીકે- ચા, કોફી, આઇસક્રીમ, ચોકલેટ વગેરે....

હાલના કૌટુંબીક જીવનનું વર્ણન. કુટુંબના દરેક સભ્યની સંપુર્ણ માહિતી- ઉંમર, સ્થાન, તેમનું કાર્ય, ને બાળકનો તેમની સાથે સંબંધ અને વ્યવહાર. આ નોંધ માં મૃત્યુ પામેલા સગાં-સંબંધીઓ ની માહિતીનો પણ સમાવેશ થવો જરૂરી છે. (મૃત્યું પામેલાની વિગતમાં મૃત્યું સમયે તેમની ઉંમર, કયા વર્ષમાં મૃત્યું થયું અને તેના કારણો.)

બાળકની દિનચર્યા વિષે સવિસ્તાર માહિતી આપો- સવાર થી રાત્રે સુવા સુંધીનો સમય બાળક કેવીરીતે ગાળે છે. તથા તમારા બાળકના ખોરાક ના યમ-નિયમ, સમય, પ્રમાણ વગેરેની વિગતો આપો. અભ્યાસ, રમત-ગમત અને મનોરંજનમાં કેટલો સમય ગાળે છે તે વિષેની માહિતી આપો.

## મુખ્ય ફરિયાદ

બાળકને સૌથી વધુ જે તકલીફ હોય તેનું વર્ણન કરો. પ્રત્યેક તકલીફ વિષે વિગતવાર માહિતી નીચે સુચવ્યા મુજબ આપશો.

બીમારીનું સવિસ્તાર વર્ણન આપો. તેની શરૂઆત, ધીમે ધીમે તે કઇ રીતે વધી અથવા વધારે ખરાબ થઇ તથા તેનો ફેલાવો. આ સાથે અન્ય સારવારની તેના પર થયેલી અસર વિષેની માહિતી જરૂરી છે. આ વિગતો નીચે મુજબ નો ખ્યાલ આપશે.

(1) બીમારી નું ક્ષેત્ર: જે જગ્યાએ બીમારી છે તે, તેનો ફેલાવો, તેની દિશા અને શરૂઆત થી આજ સુંધી થયેલા ફેરફારોનું વર્ણન.
(2) તકલીફ વાળા ભાગમાં અનુભવાતી સંવેદના- પીડાનું વર્ણન તથા વિગત.
(3) બીમારી ઉદ્દભવ થવાના કારણો, બીમારી જે સમયે ઉદ્દભવ પામી તે સમયના સંજોગોનું અવલોકન કરી વિચારપૂર્વક વિગતવાર માહિતી આપો. આ સાથે તે સમય ની માનસીક પરીસ્થિતિ નું વર્ણન પણ કરો. શારીરિક તથા માનસીક પાસાઓ વિષે લખો.
(4) જે પરીસ્થિતિ બીમારી માં વધારો કે ઘટાડો કરે તેનું વર્ણન કરોં
(5) મુખ્ય ફરિયાદની સાથે અને એ જ સમયે જો તકલીફ થતી હોય તો તેના વિષે જણાવવું. દા.ત. પરસેવો, મોળ, ઉલટી, વાયુ (ગેસ) અન્ય વેદના કે દુઃખાવા સાથે.

## <u>બીજી ફરીયાદો કે વ્યાધીઓ</u>

બાળકની અત્યારની કે પહેલા અનુભવાયેલી બધીજ બીમારીઓનું વર્ણન કરો. દરેક ફરિયાદ ઉપર મુખ્ય ફરિયાદમાં જણાવ્યા અનુસાર વર્ણન કરો.

## <u>વ્યક્તિગત માહિતી</u>

નીચે આપેલા મુદ્દાઓ વિષે પુરેપુરી માહિતી આપો.

(1) બાળકનું શારીરિક વર્ણન.

(2) બાળકના સ્વભાવ નું વર્ણન કરો દા.ત. ગુસ્સો, ડર, લગાવ-લાગણી, જીદ્દીપણું, શરમાળ વગેરે.... (જન્મ થી અત્યાર સુંધી તમારા ધ્યાનમાં આવેલો બાળકના વર્તન/ સ્વભાવ માં આવેલ ફેરફાર વિષે ચર્ચા કરો.)

(3) બૌધ્ધિક સફળતાઓ : બાળકની અભ્યાસ પ્રત્યેની રૂચી તથા પરીક્ષાનું પરિણામ, અભ્યાસ સિવાયની ઇત્તર પ્રવૃતિઓ, શોખ વગેરે નું કરો.

(4) બાળકના કુટુંબીજનો, સબંધીઓ, મિત્રો અને શિક્ષકો-(શાળા તેમજ ટયુશન) સાથેના સંબંધોનું સ્પસ્ટ ચિત્ર રજૂ કરો તથા તેમના વિષે તમારી શું લાગણીઓ છે, આ બધામાં બાળકે અનુભવેલી મુશ્કેલીઓ અને તેની બાળક પર પડેલી અસરો નું વર્ણન કરો. કુટુંબ માં આર્થીક અથવા વ્યક્તિગત સંબંધોમાં કોઇ અડચણ હોય તો તેનું વર્ણન કરો, અને તેની બાળક પર પડેલી અસરો વિષે છાણાવટ કરો.

(5) નીચે દર્શાવેલ વિગતો વિષે બાળકની આદતો જણાવો તથા પરિસ્થિતિઓની તેના પર થતી અસર વિષે વર્ણન કરો.

- ખાવા-પીવાની વસ્તુઓ માં જે તમને વધુ પસંદ/ ના-પસંદ હોય તે લખો. માટી, ચોક, પાટી ની પેન વગેરે ખાવાની આદત હોય તો તે પણ જણાવો. ખાવા-પીવાની કોઇ વસ્તુથી તકલીફ થતી હોય તો તેનું વર્ણન કરો.
- સામાન્ય વાતાવરણઃ- આબોહવા, ઉષ્ણતામાન, સ્નાન (ગરમ કે ઠંડા પાણીથી), ઓઢવા માટે શું જોઇએ છે, વગેરે....
- નંદ્રા અને સ્વપ્ના.

(6) બાળક ની વૃધ્ધિ-વિકાસ અંગે નીચે જણાવ્યા મુજબ જણાવો.

- પ્રસુતિ નો પ્રકાર અને જન્મ સમયે વજન, જન્મ પછી તરતજ થયેલી સ્વાસ્થયમાં થયેલી કોઇ તકલીફ
- બાળક ગર્ભમાં હોય તે સમયની અને પ્રસુતિ પછીની માતાની તબિયત અને તે દરમ્યાન માતાની માનસીક પરીસ્થિતિ. સ્તનપાન અને તે તબક્કા દરમ્યાન થયેલી કોઇ તકલીફ.
- શારિરીક વિકાસના તબક્કાઓ વિષે છાણાવટ કરો.
    - બાળકના દાંત આવવા, બેસવુ, ચાલવુ, બોલવુ, તે સમય ની બાળકની ઉમર અને ત્યારે અનુભવેલી કોઇ તકલીફ કે ફરિયાદ. બાળક પોતાની જાતે પેશાબ અને સંડાસ જતાં કઇ ઉમરે શીખ્યું તે જણાવો.

## <u>ભુતકાળની બીમારીઓ</u>

બાળકે અનુભવેલી ભૂતકાળની બધીજ બીમારીઓનો સારાંશ અને તેને અત્યારની બીમારી સાથે કેટલો સંબંધ છે જણાવો.

## <u>કૌટુંબીક બીમારીઓ નું વર્ણન</u>

બાળકના માતા, પિતા, ભાઇઓ, બહેનો ના સ્વાસ્થય વિષે જણાવો. બાળકના નાના-નાની, દાદા-દાદી તથા બીજા લોહીનાં સંબંધીઓના સ્વાસ્થયની માહિતી આપો.

## <u>અન્ય જાણકારી</u>

આ ઉપરાંત (ઉપરની સૂચનાઓ માંથી) કોઇ બાબત બાકી રહી જતીહોય કે તમને વિશેષ કાંઇ જણાવવું હોય તે જણાવો.

**આ સાથે આપેલ- અન્ય કોઇ તપાસ(લોહી, પેશાબ,ઝાડો કે અન્ય) કરાવી હોય તો તેના રિપોર્ટસ ની નકલો, એક્સ-રે ફોટો તથા રિપોર્ટસ વગેરે આપવી.**

## <u>લખાણ ની રજૂઆત</u>

તમારૂં લખાણ ફાઇલ કરવામાં આવશે, માટે તેના પ્રત્યેક પાનાને ક્રમવાર આંકડો આપવો. લખાણ અલગ કાગળમાં આપવું.